પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૬૪, કુલ પાના:૪, તારીખ: ૦૪-૧૧-૨૦૨૦ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 64 PRICE :-RS. 1.50 DATE : 04-11-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### આઠ બેઠકો પર શાંતિપૂર્ણ રીતે મતદાન પૂર્ણ, સૌથી ઓછું ધારીમાં ૪૨.૧૮ ટકા મતદાન

## પેટાચૂંટણી: આઠ બેઠકો પર ૫૭.૭૮ ટકા મતદાન,સૌથી વધુ ડાંગમાં ૭૪ ટકા



| સીટ | મતદાન(ટકામાં) |
|---|---|
| ડાંગ: | ૭૪.૭૧ % |
| અબડાસા: | ૫૭.૭૮ % |
| ધારી: | ૪૨.૧૮ % |
| મોરબી: | ૫૧.૮૮ % |
| કપરાડા: | ૬૩.૯૬ % |
| કરજણ: | ૬૫.૯૪ % |
| લીંબડી: | ૫૬.૦૪ % |
| ગઢડા: | ૪૭.૮૬ % |

- મતદાનની વાત કરવામાં આવે તો ડાંગમાં ૭૪.૭૧, કપરાડામાં ૬૪.૩૪, કરજણમાં ૬૫.૯૪, અબડાસામાં ૫૭.૭૮, લીંબડીમાં ૫૬.૦૪, મોરબીમાં ૫૧.૮૮, ગઢડામાં ૪૭.૮૬ અને ધારીમાં ૪૨.૧૮ ટકા મતદાન નોંધાયુ છે.
- ભાજપ-કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ સહિત ૮૧ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થયા,૧૦ નવેમ્બરના રોજ મતગણતરી હાથ ધરાશે.

ગાંધીનગર,

કોરોના મહામારીના સંકટ વચ્ચે ગુજરાતની વિધાનસભાની ૮ બેઠકોમાં અબડાસા, લીંબડી, મોરબી, ધારી, ગઢડા, ડાંગ, કપરાડા તથા કરજણ બેઠકની પેટાચૂંટણી માટેનું મતદાન પૂર્ણ થઈ ગયુ છે. હાલ લખાઈ રહ્યું છે ત્યારે આ સમયે આઠ બેઠકોનું કુલ મતદાન ૫૭.૭૮ ટકા થયું છે. આ પેટાચૂંટણીમાં કુલ ૮૧ ઉમેદવારોનું ભાવિ મતદાન પેટીમાં સીલ થઈ ગયુ છે. કોંગ્રેસના ધારાસભ્યોએ આપેલાં રાજીનામાં બાદ ખાલી પડેલી વિધાનસભાની આઠ બેઠકોને લઈને આજે આ પેટાચૂંટણી યોજાઈ હતી. ૧૦ નવેમ્બરે આઠ બેઠકના ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવશે.

ત્યારે વાત કરવામાં આવે તો ગુજરાતની વિધાનસભાની પેટા ચૂંટણીમાં સૌથી વધુ ડાંગમાં અને સૌથી ઓછુ ધારીમાં નોંધાયુ છે. ડાંગમાં ૭૪.૭૧, કપરાડામાં ૬૪.૩૪, કરજણમાં ૬૫.૯૪, અબડાસામાં ૫૭.૭૮, લીંબડીમાં ૫૬.૦૪, મોરબીમાં ૫૧.૮૮, ગઢડામાં ૪૭.૮૬ અને ધારીમાં ૪૨.૧૮ ટકા મતદાન નોંધાયુ છે. આ સાથે સૌથી ઓછું ધારીમાં ૪૨.૧૮ ટકા મતદાન નોંધાયુ છે.

આ પેટા ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસના મુખ્ય રાજકીય પક્ષોના હરીફ ઉમેદવારોની સાથોસાથ કુલ ૮૧ ઉમેદવાર ચૂંટણીના મેદાનમાં છે. રાજ્યસભાની ચૂંટણી તથા ત્યારબાદ કોંગ્રેસના ધારાસભ્યોના રાજીનામાના કારણે આ બેઠકો ખાલી પડી હતી. આ વખતની પેટા ચૂંટણીમાં મોટાભાગે કોંગ્રેસમાંથી રાજીનામું આપીને ભાજપમાં જોડાયેલા સભ્યો ઉમેદવાર હોવાથી સતત રાજકીય સ્થિરતા, વિકાસ, પક્ષપલ્ટુ, વિશ્વાસઘાત જેવા આક્રમક મુદ્દા ચર્ચામાં રહ્યાં હતા.

મોરબીમાં ૨૦ જગ્યાએ ઈવીએમમાં ખરાબી જોવા મળી હતી, જેના કારણે તાત્કાલિક ધોરણ તમામ ઈવીએમને બદલવામાં આવ્યા હતા. આ દરમિયાન મોહબીના કોંગ્રેસના ઉમેદવાર જેંતિભાઈએ દાવો કર્યો હતો કે તેઓ ૨૦,૦૦૦થી વધુના મતની લીડથી જીત હાંસલ કરશે.

કોંગ્રેસ દ્વારા ચૂંટણી પંચમાં બે લેખિતમાં ફરિયાદ કરવામાં આવી છે. મોરબી અને કરજણ મુદ્દે કોંગ્રેસે ચૂંટણીપંચમાં ફરિયાદ કરી છે. કોંગ્રેસે ભાજપના ઉમેદવાર પર મતદાન સમયે પણ પ્રચાર કરતા હોવાની ફરિયાદ કરી છે. ત્યાં જ ભાજપે કોંગ્રેસના એજન્ટોને હેરાન કરતા હોવાની ફરિયાદ કરી છે. બીજી તરફ કોંગ્રેસે રાજ્યના મુખ્યમંત્રીના પત્ની મોરબી શહેરમાં પ્રચાર કરતા હોવાનો આરોપ લગાવ્યો છે. બીજી તરફ કરજણ બેઠક પર પોલીસ હેરાન કરતી હોવાની કોંગ્રેસે ફરીયાદ કરી છે.

## મુખ્યમંત્રી નીતિશ કુમારની રેલીમાં પથ્થર-ડુંગળીનો મારો: બોલ્યા હજુ ફેંકો



મધુબની,

બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાના મતદાન વચ્ચે મુખ્યમંત્રી નીતીશકુમાર ત્રીજા તબક્કાના મતદાન માટે મધુબનીના હરલાખીમાં જાહેર સભાને સંબોધવા પહોંચ્યા હતા. સભા દરમ્યાન ઝસ નીતીશકુમાર પર ચાલુ ભાષણે દરમિયાન ભીડમાંથી એક યુવકે પથ્થર ફેંક્યો હતો. નીતીશ પર ડુંગળી પણ ફેંકવામાં આવી હતી.

નીતીશ પર પથ્થર ફેંકનારા યુવકે દારૂબંધીને લઈને હોબાળો મચાવ્યો હતો. પથ્થર ફેંકનાર વ્યક્તિએ સતત નારેબાજી કરતા કહ્યું હતું કે, બિહારમાં જાહેરમાં દારૂ વેચાઈ રહ્યો છે. દારૂની તસ્કરી થઈ રહી છે પરંતુ તમે કંઈ કરી શકતા નથી.

નીતીશ કુમારના સુરક્ષાકર્મીઓએ તે વ્યક્તિને રોકવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ગુસ્સાથી લાલઘુમ નીતીશ કુમારે કહ્યું હતું કે, ફેંકવા દો, જેટલા ફેંકવા હોય ફેંકવા દો.

જોકે નીતીશ કુમારે પોતાનું ભાષણ યથાવત રાખ્યું હતું. નીતીશ પોતાના ભાષણને આગળ વધારતા કહ્યું હતું કે, અમે તે માટે કહી રહ્યા છીએ કે સરકાર આવ્યા બાદ રોજગારની તકો ઉભી થશે. કોઈએ

(અનુ.પાના.નં.૨)

### લૉકડાઉનની આગલી રાત્રે આનંદ માણી રહેલા લોકો પર અંધાધૂંધ ગોળીબાર

## વિયેનામાં આતંકવાદી હુમલો: છ સ્થળે ગોળીબાર, ૭નાં મોત



વિયેના,

ઓસ્ટ્રિયાના પાટનગર વિયેનામાં છ સ્થળે થયેલા આતંકવાદી હુમલામાં ઓછામાં ઓછા સાત જણ માર્યા ગયા હતા અને ૧૫ ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં છે. કોરોના વધવાના પગલે લૉકડાઉન જાહેર કરાયો એના થોડા કલાકો પહેલાં આ હુમલો થયો હતો. હુમલો થયાના કેટલાક કલાકો બાદ ઓસ્ટ્રિયાના ચાન્સેલર સેબાસ્ટિયન કુર્ઝે કહ્યું હતું કે અમે આતંકવાદથી ડરવાના નથી. અમે વિયેનામાં ધિક્કારપાત્ર આતંકવાદી હુમલાનો ભોગ બન્યા છીએ. એક આતંકવાદીને ઠાર કરી દેવાયો છે પરંતુ બીજા આતંકવાદી હજુ સક્રિય હતા. ઓસ્ટ્રિયામાં મુંબઈની જેવા જ આતંકી હુમલા પછી ભારતમાં તેનું દૂતાવાસ ૧૧ નવેમ્બર સુધી બંધ રહેશે. આ જાણકારી ઓસ્ટ્રિયાના દૂતાવાસે આપી છે. સુરક્ષા કારણોના લીધે હાલ આમ કરવામાં આવ્યું છે. કુર્ઝે વધુમાં કહ્યું કે આતંકવાદીઓ પાસે લેટેસ્ટ શસ્ત્રો હતા. એના પરથી સમજાતું હતું કે એ લોકો કેટલી પૂર્વતૈયારી સાથે આવ્યા હશે. પોલીસે કહ્યું કે સ્થાનિક સમય મુજબ સોમવારે રાત્રે આઠ વાગ્યે હુમલાના પહેલા ખબર અમને મળ્યા હતા. પાટનગરના છ વિસ્તારોમાં ગોળીબાર થયા હતા. એક વિડિયો ક્લીપ વહેતી થઇ હતી જેમાં જોઇ શકાતું હતું કે હુમલાખોર લેટેસ્ટ શસ્ત્ર સાથે સડક પર આડેધડ ગોળીબાર કરી રહ્યો હતો. હુમલાનું કારણ હજુ સુધી જાણી શકાયું નુહોતું. ચાન્સેલર કુર્ઝે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે આ હુમલો યહૂદી વિરોધી હોઈ શકે. આ હુમલો એક યહૂદી ધર્મસ્થળ નજીક થયો હતો એટલે એમ માની શકાય કે યહૂદી વિરોધી હુમલો હતો. જો કે હુમલો થયો ત્યારે ધર્મસ્થળ બંધ હતું.

ઓસ્ટ્રિયાના ગૃહ પ્રધાન કાર્લ નેહમરે કહ્યું કે લશ્કરને આદેશ આપી દેવામાં આવ્યો હતો કે મહત્ત્વનાં સ્થળોનું રક્ષણ કરવા પહોંચી જાય. તેમણે વિયેનાવાસીઓને કહ્યું હતું કે મંગળારે તમારાં બાળકોને સ્કૂલમાં મોકલતા નહીં. તમે પણ અનિવાર્ય કામ સિવાય ઘરમાં રહેજો. નોંધનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓસ્ટ્રિયાની રાજધાની વિયેનામાં થયેલા આ આતંકી હુમલાની નીંદા કરતા શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે ભારત વિયેનાની સાથે છે. અને તેમણે પીડિત પરિવારો માટે સાંત્વના પણ વ્યક્ત કરી હતી. આ આતંકવાદી ઘટના એવા સમયે થઈ જ્યારે ઓસ્ટ્રિયામાં કોરોના વાઈરસના સંક્રમણે કાબૂમાં કરવા માટે એક વખત ફરીથી લૉકડાઉન લાગૂ કરવામાં આવી રહ્યું હતું. લોકડાઉન લાગૂ થયાની એક રાત પહેલા લોકો આઝાદીનો આનંદ માણી રહ્યાં હતા, ત્યારે જ આ હુમલો કરવામાં આવ્યો હતો.





કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘી મોરવા(હ) એ. સે.સ. મં. લી
બામણા ફળીયું
તા. મોરવા (હ)

મનીષ એન્ટરપ્રાઈઝ દ્વારા રોજગારીની ઉત્તમ તક.....
ગૃહ ઉદ્યોગમાં રોકાણ કરીને ઘરે બેઠા ૧૫,૦૦૦ થી ૩૦,૦૦૦ સુધી કમાઓ.
મો.9737024962 / 7778024962

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.


એન. એ. રાઠોડ
મુ. આગરવાડા,
તા. મોરવા (હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

જે. બી. બારીઆ
મુ. મોજરી,
તા. મોરવા (હ)

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

## મહીસાગર જિલ્લામાં આજે ૦૫ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૧૩૦૧ પોઝીટીવ કેસ નોંધાયા




લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે ખાનપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૩-૧૧-૨૦૨૦ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૩૦૧ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લીમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાની ૦૩ સ્ત્રીએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૨૦૯ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૪ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૨ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૭૨૩૫૧ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૯૮ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૧ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૧૩ દર્દી ડીસ્ટ્રીગકટ હોસ્પિટલ, લુણાવાડા, ૨૭ દર્દી હોમ આઇસોલેશન, ૦૫ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC) અને ૦૪ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૪૬ દર્દીઓ સ્ટેબલ, ૦૪ દર્દીઓ ઓક્સિજન પર છે.

## મહીસાગર જિલ્લાના બે થી વધુ હથિયારોના પરવાનાધારકો જોગ સૂચના

લુણાવાડા, ગુજરાત સરકારના ગૃહ વિભાગની સુચના અનુસાર આર્મ્સ (અમેન્ડમેન્ટ) એકટ -૨૦૧૯ મુજબ સ્વરક્ષણ તથા પાકરક્ષણ પરવાના હેઠળના હથિયાર પરવાનાધારકો વધુમાં વધુ માત્ર બે હથિયારો રાખી શકે છે આથી બે થી વધુ હથિયારો માટે પરવાના ધારણ કરે છે. તેવા પરવાનાધારકોને ત્રીજુ હથિયાર તા.૧૩/૧૨/૨૦૨૦ પહેલા નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા તેમજ હથિયાર જમા કરાવ્યાની પહોંચની નકલ કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ મહીસાગરની કચેરીમાં રજુ કરવા જાણ કરવામાં આવે છે, તેમ મહીસાગર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ આર.આર. ઠક્કરની અખબારી યાદીમાં જણાવાયું છે.

## પંચમહાલ જિલ્લા વિકાસ અધિકારી તરીકેનો ચાર્જ અધિક કલેકટરને અપાયો

ગોધરા, પંચમહાલ જિલ્લા વિકાસ અધિકારી તરીકેનો ચાર્જ જિલ્લા ટ્રાયબલ એરિયા સબ પ્લાનના પ્રોજેક્ટ એડમિનીસ્ટ્રેટર અને અધિક કલેક્ટરને આપવામાં આવ્યો હતો. તાજેતરમાં જ પંચમહાલ જિલ્લા વિકાસ અધિકારી એ.જે.શાહ સેવા નિવૃત્ત થયા હતા જેને લઈને હાલમાં જિલ્લા વિકાસ અધિકારીની જગ્યા ખાલી પડી હતી. ત્યારે ગુજરાત રાજય જનરલ એડમિનીસ્ટ્રેશન વિભાગના એડિશનલ સેક્રેટરી અશોક દવે દ્વારા હુકમ કરીને પંચમહાલ ડી.ડી.ઓ.ને વધારાનો ચાર્જ પંચમહાલ જિલ્લા ટ્રાયબલ એરિયા સબ પ્લાનના પ્રોજેકટ એડમિનીસ્ટ્રેટર અને અધિક કલેકટર એસ.કે.રાઠોડને આપવામાં આવ્યો હતો.

## ઘોઘંબાના બિલોરી ગામે ડાકણનો વહેમ રાખી બે મહિલાને મારમારતાં ફરિયાદ

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના બિલોરી ગામે રહેતી બે મહિલા ખેતરમાં પાણી વાળી રહ્યા હતા. ત્યારે ચાર ઈસમો તમે ડાકણ છો તમે મારી માં ને ખાઈ ગયેલ છે. તેમ કહી ગાળો આપી હતી તેમજ મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના બિલોરી ગામે રહેતી શાકરીબેન બળવંતસિંહ બારીયા અને ટીનાબેન ખેતરમાં પાણી વાળી રહી હતી. ત્યારે ગામમાં રહેતા બાબુભાઈ સબુરભાઈ બારીયા, ભારતભાઈ ગેમાભાઈ બારીયા, રંગીત બાબુભાઈ બારીયા, મુકેશ બાબુભાઈ બારીયા ખેતરમાં આવ્યા હતા અને તમે બન્ને ડાકણ છો. અમારી મા ભરસીબેનને ખાઈ ગયેલ છો અને અમને બિમાર પાડો છો. તેમ કહી ગાળો આપી હતી તેમજ લાકડી વડે દિનેશભાઈ તેમજ બન્ને મહિલાઓને મારમારી ઈજાઓ પહોંચાડતાં આ બાબતે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ધારી બેઠક પર ભાજપના ઉમેદવાર જેવી કાકડીયાએ મતદાન કરી જીતનો દાવો કર્યો

અમરેલી, અમરેલીના ભાજપના ઉમેદવાર જે.વી કાકડીયાએ મતદાન કરતા પહેલા પોતાના ઘરે ઈશ્વરને પ્રાર્થના કરી આશીર્વાદ લીધા.. જે.વી. કાકડીયાએ પરિવાર સહિત કરી ભગવાની પૂજા કરી હતી.તો દીકરીએ કુમકુમ તિલક પણ કર્યું હતુ. અમરેલીની ધારી બેઠક પર ભાજપના ઉમેદવાર જે.વી, કાકડિયાએ મતદાન કર્યુ. આ સાથે તેમણે જીતનો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો.

(પાન નં.૧ નું ચાલુ)

### મુખ્યમંત્રી નીતિશ કુમારની રેલીમાં.....

બહાર જવું પડશે નહીં. જે લોકો આજે સરકારી નોકરીની વાત કરી રહ્યા છે તેઓ જવાબ આપે કે જ્યારે તે સત્તામાં હતા તો કેટલા લોકોને રોજગાર આપ્યો?

ચૂંટણી પ્રચાર દરમિયાન નીતીશ કુમારે ઘણીવાર વિરોધનો સામનો કરવો પડ્યો છે. ઘણી રેલીઓમાં નીતીશ કુમારની સામે તેમના વિરોધ નારેબાજીકરવામાં આવી છે. અગાઉ મુઝફ્ફરપુરની રેલીમાં નીતીશ સામે કેટલાક લોકોએ લાલૂ યાદવ જિંદાબાદના નારા લગાવ્યા હતા. આ દરમિયાન નીતીશે કહ્યું હતું કે, જેના જિંદાબાદના નારા લગાવી રહ્યા છો તેને સાંભળવા જાવ.

## ગોધરા તાલુકાના દરૂણીયા ગામે તુવેરમાં દવા છંટકાવ કરતાં દવાની અસર થતાં સિવિલમાં ખસેડાયા

ગોધરા, ગોધરા તાલુકાના દરૂણીયા સામલી રોડ ઉપર આવેલ ખેતરમાં તુવેરના પાકમાં દવા છાંટતી વખતે ૩૬ વર્ષીય વ્યકિતને દવાની અસર થતાં સારવાર અર્થે ગોધરા સિવિલમા દાખલ કરવામા આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના દરૂણીયા ગામે રહેતા જાફરાભાઈ વજાભાઈ રાઠવા ખેતરમાં તુવેરના પાકમાં દવા છાંટતા હતા. તે વખતે દવાની અસર થતાં છાતીમાં દુખાવો થતાં સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધવા પામી.

## નાનાભૂંગળિયા ગામની સગર્ભા મહિલાને તાત્કાલિક સારવાર અપાવી નવજીવન અપાવતા તાલુકા હેલ્થ ઓફિસર

લુણાવાડા, કોરોના વાયરસની વૈશ્વિક મહામારી સામે દેશ સહિત રાજય મક્કમતાથી લડત આપીને કોરોનોને મહાત આપવા તથા સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટે જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહાકુમારીના માર્ગદર્શન હેઠળ વહીવટી અને આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાં લેવામાં આવ્યા છે.

કોરોનાની આ મહામારીની સાથોસાથ આરોગ્ય વિભાગના તબીબો અને કર્મીઓ સગર્ભા માતાઓની પણ વિશેષ કાળજી રાખી રહ્યા છે.

આવી જ કંઇક વાત છે મહીસાગર જિલ્લાગના નાનાભૂંગળિયા ગામની એક ગરીબ પરિવારની સગર્ભા મહિલાની. નાનાભૂંગળિયા ગામની આ સગર્ભા મહિલા છ માસનો ગર્ભ ધરાવતી હતી. આ મહિલાને તાજેતરમાં રકતસ્ત્રા વની સાથે બીજી તકલીફો ઉભી થવા પામી હતી. અને તેણીનું હિમોગ્લોબીન પણ ઓછું હતુ. પરંતુ પરિવાર અને તેમના કુટુંબીજનો ગરીબ હોવાના કારણે લોહીની જરૂરિયાત માટે રેડક્રોસમાં જઇ શકતા નહોતા.

આની જાણકારી તાલુકા હેલ્થક ઓફિસર ડો. નરેન્દ્ર ગોસાઇને થતાં ડો. ગોસાઇએ એકપણ પળનો પણ વિલંબ કર્યા સિવાય આ સગર્ભા મહિલા માટે તાત્કાકલિક ત્રણ બોટલ રકતની વ્યવસ્થાસ કરીને પોતાના વાહનમાં ગોધરા ખાતે લઇ ગયા જયાં તાત્કાલિક આ મહિલાને ત્રણ બોટલ રકત ચઢાવીને તેણીનું સફળતાપૂર્વક ઓપરેશન કરાવીને આ સગર્ભા મહિલાને માનવીય અભિગમ અપનાવીને નવજીવન બક્ષ્યુંટ હતુ.

આમ, આરોગ્યં વિભાગના તબીબો સહિત આરોગ્યન કર્મીઓ મહીસાગરવાસીઓની તંદુરસ્તીન અને સ્વાયસ્ક્ જળવાઇ રહે તે માટે તેઓની ફરજો અવિરતપણે બજાવી રહ્યા છે.

## પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા)ની કામગીરીની સમીક્ષા કરતાં જિલ્લા વિકાસ અધિકારી




તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, જિલ્લા વિકાસ અધિકારી સુ નેહા કુમારીના અધ્યક્ષસ્થાાને મહીસાગર જિલ્લા માં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા) અંતર્ગત ચાલતાં કામોની પ્રગતિ તથા આત્મકનિર્ભર ભારત યોજના હેઠળ ચાલતી કામગીરીની સંબંધિત અધિકારીઓ સાથે તાજેતરમાં સમીક્ષા બેઠક યોજાઇ ગઇ.

બેઠકમાં જિલ્લાો વિકાસ અધિકારી નેહા કુમારીએ સંબંધિત અધિકારીઓ પાસેથી વર્ષ ૨૦૧૯-૨૦માં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા) હેઠળ મંજૂર કરવામાં આવેલ આવાસોની પ્રગતિ વિશે જાણકારી મેળવી આ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થાય તે જોવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. જયારે આત્મલનિર્ભર ભારત યોજના પર ચર્ચા કરી સંબંધિત અધિકારીઓને માર્ગદર્શન પુરૂં પાડયું હતું.

આ બેઠકમાં જિલ્લા. ગ્રામ વિકાસ એજન્સીયના નિયામક, સંતરામપુર, ખાનપુર અને કડાણા તાલુકાના તાલુકા વિકાસ અધિકારીઓ અને તલાટીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કોરોના અને લોકડાઉનના પગલે દેશના મોટાભાગના થિયેટરો બંધ થવાની તૈયારીમાં

ગાંધીનગર, કોરોનાએ દેશના સૌથી મોટા મનોરંજન ઉદ્યોગની કમર તોડી નાખી હોવાના અહેવાલ વહેતા થયા હતા. દેશના બાર ટકા સિનેમા થિયેટર્સ ગમે તે ઘડીએ બંધ થવાની તૈયારીમાં હતા.છેલ્લાં પાંચ માસથી એક પણ મોટી ફિલ્મ રજૂ થઈ શકી નહોતી. માર્ચથી જૂન જુલાઈ સુધી તો લૉકડાઉન હતું. પરિણામે એક પણ ફિલ્મ રજૂ થવાની શક્યતા નહોતી. હજુ પણ સિંગલ સ્ક્રીન થિયેટરોમાં ફિલ્મ ક્યારે કેવી રીતે રજૂ થશે એ નક્કી નહોતું.

બોલિવૂડના પ્રવક્તાઓ કહે છે કે કોરોનાએ સૌથી વધુ નુકસાન ફિલ્મ ઉદ્યોગને પહોંચાડ્યું હતું. મહાનગર મુંબઈમાં મનોરંજન ઉદ્યોગ ત્રીસથી પાંત્રીસ લાખ લોકોને રોજીરોટી આપતો હતો. અદાકારો સિવાયના મોટા ભાગના શ્રમિકો એક યા બીજી રીતે પોતપોતાના વતન ભેગા થઈ ગયા હતા.

જો કે થોડા થોડા શ્રમિકો ધીમે ધીમે પાછા આવી રહ્યા હતા. પરંતુ એક્ઝિબિટર્સ એટલે કે સિનેમા થિયેટરના માલિકો કહે છે કે સરકારી નિયમો મુજબ બેઠકો ગોઠવીએ તો આર્થિક દ્રષ્ટિએ પરવડી શકે એમ નથી. કોઈ પણ ફિલ્મ ઓછામાં ઓછા સમય માટે સહી પણ હાઉસફૂલ થાય એ જરૂરી હોય છે. અત્યારે એવી કોઈ સ્થિતિ અમને નજરે પડતી નથી.

## કોરોનાથી પરેશાન ન થાવ તેનું પણ નામોનિશાન મટી જશે

લુણાવાડા, આજકાલ સૌથી વધુ વપરાતો, અખબારોમાં છપાતો અને સૌને ભયભીત કરનારો એક શબ્દ છે, કોરોના - કોવીડ - ૧૯ અત્યારે જે રીતે આ મહામારી ચોતરફ - જગત આખામાં ફેલાયેલી છે. તે જોતાં આપણને એમ લાગે કે આપણું ભવિષ્ય શું હશે ? કેવું હશે ? પરંતુ આ સમયમાં આપણે ડરવાનું નથી. આ અગાઉ પણ વિશ્વમાં આવી ઘણી મહામારી આવી ચૂકી છે, અને કદાચ કોરોના કરતાં પણ વધુ ખતરનાક હતી. એનો ઈલાજ પણ થઈ ગયો તેમ કોરોનાનો પણ ઈલાજ થઇ જશે.

માટે કોરોનાથી પરેશાન ન થઈએ અને તેનું પણ નામોનિશાન મટી જશે તેવો મંત્ર અપનાવી જીવનમાં આગળ વધવું જોઈએ. કોરોનાના નામથી અને કામથી આપણે ભયભીત થવાની જરા પણ જરૂર નથી. કોરોના હજુ એક વર્ષનો પણ નથી થયો, અને આપણે તેને વધુ આયુષ્ય પણ નથી આપવું. આપણે સૌએ એક વાત નક્કી કરી લેવાની છે કે આપણે તેની જીવન રેખાને ટૂંકાવી દેવી છે. આ માટે આપણે સૌએ સાવચેત રહેવાનું છે. સાવચેત રહીને આપણે આપણી જાતને, આપણા કુટુંબ - પરિવારને સૌને સુરક્ષિત રાખવાના છે.

આ માટે આપણે શું કરી શકીએ. તો આ માટે આપણે જ્યારે પણ બહાર નીકળીએ ત્યારે આપણા ચહેરા ઉપર માસ્ક અવશ્ય પહેરીએ. એના કારણે આપણે આપણું તો રક્ષણ કરીએ જ છીએ, પરંતુ આપણી સાથે વ્યવહારમાં આવતા તમામ લોકોનું પણ આપણે રક્ષણ કરી શકીએ છીએ. આ ઉપરાંત વારંવાર સાબુ/સેનેટાઇઝરથી હાથ સાફ કરતાં રહીએ તેમજ સોશિયલ ડિસ્ટપન્સીંણગ (દો ગજ કી દૂરી)નું પાલન કરવાની સાથે કોરોનાથી બચવા માટે સરકારે બહાર પાડેલી માર્ગદર્શિકાનું પાલન કરીશું તો ચોકકસ હારશે કોરોના, જીતશે ગુજરાત.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૦૪-૧૧-૨૦૨૦, બુધવાર, નિજ આસો વદ-૪, સૂર્યોદય-૬-૫૪, સૂર્યાસ્ત-૬-૦૭, જૈન નવકારશી-૭-૪૨, આજની રાશિ: મિથુન (ક.છ.ઘ.), નક્ષત્ર: મૃગશીર્ષ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૬-૫૪ થી લાભ-અમૃત-૯-૪૨ સુધી, ૧૧-૦૬થી શુભ-૧૨-૩૦ સુધી, ૧૫-૧૮થી ચલ-લાભ-૧૮-૦૭ સુધી, ૧૦-૪૩ થી શુભ-અમૃત-ચલ-૨૪-૩૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૬-૫૪ થી ૮-૪૬ સુધી, ૯-૪૨ થી ૧૦-૩૮ સુધી, ૧૨-૩૦થી ૧૫-૧૮ સુધી, ૧૬-૧૫ થી ૧૭-૧૧ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૦૪.૧૧.૨૦૨૦ બુધવાર

મેષ(અ.લ.ઈ.) :- કાર્યશકિત વધવાની છે. રોજીંદા કાર્યમાં અનુકુળતાઓ જોવા મલે. શેર સટ્ટામાં લાભ રહે. લાંબાગાળાનું આયોજન કરવું.

વૃષભ(બ.વ.ઉ.) :- સગા સ્નેહીજનો સાથે ગેર સમજો દૂર થાય શેર સટ્ટામાં જાળવવું વિદેશ સાથેના વ્યવસાયમાં નવું આયોજન સફળ થાય.

મિથુન(ક.છ.ઘ.) :- કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ સામે મિલકતના પ્રશ્નોમાં અનુકુળતા રહે. લગ્ન જીવનમાં ગેર સમજો બાબત તકેદારી રાખવી.

કર્ક(ડ.હ.) :- સંતાનોની સગાઇ લગ્નના કાર્યોમાં અવરોધો દૂર થાય મનગમતી વ્યકિતની મુલાકાતથી લાભ. પ્રવાસમાં અનુકુળતા.

સિંહ(મ.ટ.) :- આરોગ્યના પ્રશ્નોમાં સફળતા મલવાની નવી મિત્રતા લાભદાયક રહેશે. જમીન મકાનની ખરીદીની ઈચ્છા ફળવાની.

કન્યા(પ.ઠ.ણ.) :- સામાજીક પ્રતિષ્ઠા બાબત સંઘર્ષનો સામનો રહેવાનો નોકરીમાં સ્થિરતા રાખવી. સ્થળાંતરના ઈચછા પ્રબળ થાય.

તુલા(ર.ત.) :- નાણાકીય રાહત રહે. લગ્ન જીવનમાં સુમેળ રાખવો. સંતાનોની પ્રગતિવાળો દિવસ અગત્યના કાર્યોને પ્રાધાન્ય આપો પ્રવાસ થાય.

વૃશ્ચિક(ન.ય.) :- મિલ્કતના પ્રશ્નોમાં સફળતા મલવાની ધાર્મિક કાર્યમાં સફળતા રહે. ઉધારી ધંધાથી દૂર રહેજો. નોકરીમાં કાર્યભાર રહે. મિત્રોથી સહકાર રહે.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- અપરણીતોને સગાઇ લગ્નની ઈચ્છા ફળે. કાનૂની પ્રશ્નોથી દૂર રહેજો. નાણાકીય દષ્ટિએ સાવધાની જરૂરી માતા સાથે મતભેદો રહે.

મકર(ખ.જ.) :- પરિવારના સભ્યો સાથે મતભેદો ન થાય તેનું ધ્યાન રાખવુ નોકરીમાં સ્થાન ફેરની શકયતાઓ ઉભી થવાની શકયતા.

કુંભ(ગ.શ.સ.) :- મહત્વના કાર્યોમાં અંતરાયોનો સામનો રહે. ધીરજ રાખવી. ભાઇ-બહેનો સાથે કોઈ ગેરસમજો ન થાય તેનું ધ્યાન રાખવું.

મીન(દ.ચ.ઝ.) :- સંસ્થામાં સારો હોદ્દો મલે. નવા આયોજન બાબત ધીરજ રાખવી. આત્મવિશ્વાસ વધારવો સંતાનોનો સહકાર મેળવવો. જરૂરી રહે.

### કુલ કેસનો આંકડો ૮૨.૬૭ લાખ, વધુ ૪૯૦ના મોત સાથે મૃત્યુઆંક ૧.૨૩ લાખે

## દેશમાં કોરોના હાંફયો: ૨૪ કલાકમાં ૩૮૩૧૦ પોઝિટિવ કેસ નોંધાયા



ન્યુ દિલ્હી, દુનિયામાં કોરોના વાયરસનો કહેર થોભવાનું નામ જ લઈ રહ્યું નથી. સતત કોરોનાના આંક વધી રહ્યા છે. છતાં ભારતમાં કોરોનાની સ્થિતિમાં સુધારો જોવા મળી રહ્યો છે. કેમ કે એક દિવસમાં નોંધાતા કોરોનાના કેસની સંખ્યામાં સતત ઘટાડો નોંધાયો છે. એક્ટિવ કેસની સંખ્યા ૩૦ જુલાઈ બાદ સૌથી ઓછી છે.

સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી મંગળવારે સવારે રજૂ કરવામાં આવેલા આંકડા મુજબ દેશોમાં એક્ટિવ કેસ ૫,૪૧,૪૦૫ રહ્યા છે. ત્યારે છેલ્લાં ૨૪ કલાકમાં ૩૮,૩૧૦ નવા કોરોના કેસ સામે આવતા સંક્રમિતોની સંખ્યા ૮૨,૬૭,૬૨૩ થઈ ગઈ છે. છેલ્લાં ૨૪ કલાકમાં ૪૯૦ લોકોના મૃત્યુ થયા છે. અત્યાર સુધીમાં ૧,૨૩,૦૯૭ લોકોના મોત કોરોના વાયરસના લીધે થયા છે.

૨૪ કલાકમાં ૫૮,૩૨૩ દર્દી સાજા થતા અત્યાર સુધીમાં કુલ ૭૬,૦૩,૧૨૧ લોકો સાજા થયા છે. દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં ૧૦,૪૬,૨૪૭ ટેસ્ટ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ટેસ્ટની સંખ્યા ૧૧,૧૭,૮૯,૩૫૦૧ છે.

એક્ટિવ કેસની સંખ્યા ૩૦ જુલાઈ બાદ સૌથી ઓછી નોંધાયી છે. દેશમાં કોરોનાનો રિકવરી રેટ ૯૧.૯૬% છે. જ્યારે એક્ટિવ દર્દી ૬.૫૪% છે. ડેથ રેટ ૧.૪૮% છે. તેમજ પોઝિટિવિટી રેટ ૩.૬૬% નોંધાયો છે.

સપ્ટેમ્બરમાં પીક વીત્યા બાદથી દેશમાં સતત કોરોનાના નવા કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. એક્સપર્ટનું કહેવું છે કે આંકડા ભલે ઓછા થયા હોય પરંતુ ખતરો ઓછો થયો નથી. આપણે હજુ એટલી જ સાવધાની રાખવાની જરૂર છે. બહુ જ જરૂરી હોય તો જ ઘરની બહાર નીકળો, માસ્ક અને સોશિયલ ડિસ્ટેંસિંગને જ કોરોનાની દવા સમજો.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યાં મુજબ દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૧૧,૧૭,૮૯,૩૫૦ ટેસ્ટ હાથ ધરાયા છે. જેમાંથી ૧૦,૪૬,૨૪૭ ટેસ્ટ ગઈ કાલે કરવામાં આવ્યા હતા.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ દેશમાં કોરોનાનો રિકવરી રેટ વધીને ૯૧.૯૬ ટકા થયો છે. જ્યારે કોરોનાથી મૃત્યુદર ૧.૪૯ ટકા છે. દેશમાં સતત પાંચમા દિવસે પોઝિટિવ કેસની સંખ્યા છ લાખથી ઓછી રહી છે. આંકડા મુજબ દેશમાં હાલ ૫,૪૧,૪૦૫ લોકો કોરોના વાયરસની સારવાર હેઠળ છે. જે કુલ કેસના ૬.૫૫ ટકા છે.

## દિલ્હીથી વુહાન પહોંચેલી એરઈન્ડિયાની ફ્લાઈટમાં ૧૯ ભારતીયો કોરોનાથી સંક્રમિત

ન્યુ દિલ્હી, તાજેતરમાં "વંદેભારત મિશન" અંતર્ગત નવી દિલ્હીથી ચીનના વુહાન પહોંચેલા ૧૯ ભારતીય પેસેન્જરના આરોગ્યની તપાસ કરવામાં આવતા તેઓનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે. આ તમામ મુસાફરોને હાલ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં છે.

એર ઈન્ડિયાના કર્મચારીના જણાવ્યા પ્રમાણે, ૩૦ ઓક્ટોબરે ભારતથી ચીનના વુહાન જવા માટે ઉપડેલી વંદે ભારત મિશનની એર ઈન્ડિયાની ફ્લાઈટલમાં ૧૯ મુસાફરો ચીનના વુહાન શહેરમાં કોરોનાથી સંક્રમિત મળી આવ્યાં છે. આ તમામ પેસેન્જર્સને કોરોના રિપોર્ટ નેગેટિવ જોયા બાદ જ પ્લેનમાં બેસવાની પરવાનગી આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, કોરોના મહામારીની શરૂઆત ચીનના વુહાન શહેરથી થઈ હતી. કોરોના પ્રકોપને પગલે ભારતે માર્ચ મહિનાથી તમામ ઈન્ટરનેશનલ ફ્લાઈટો પર રોક લગાવી દીધી હતી. જે બાદ મે મહિનામાં વંદે ભારત મિશનની શરૂઆત કરવામાં આવી હતી. જે અંતર્ગત વિદેશમાં ફસાયેલા ભારતીયોને વતન પરત લાવવા માટે વિશેષ ફ્લાઈટો શરૂ કરાઈ હતી. આ મિશન અંતર્ગત અત્યાર સુધી ૨૦ લાખથી વધુ ભારતીયોને પરત લાવવામાં આવી ચૂક્યાં છે.

# દાહોદ જીલ્લાના DJ સંચાલકોએ DJ વગાડવાની પરવાનગી આપવાની માંગ સાથે કલેકટરને આવેદન

દાહોદ,

કોરોના વૈશ્વિક મહામારી દરમ્યાન લોકડાનનના મહિનાઓ સુધી અનેક વેપાર – ધંધાઓ ઠપ્પ થઈ જતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવા પડ્યો હતો. આ સાથે જ વેપારી વર્ગમાં પણ હાલત કફોડી બનવા પામી હતી. ત્યારે બીજી તરફ આ લોકડાઉનના મહિનાઓમાં શુભ પ્રસંગ, લગ્ન પ્રસંગોમાં તહેવારો તેમજ લગ્ન પ્રસંગો પર પણ ડી.જે.જેવા વાંજીત્ર વગાડવાના પ્રતિબંધો સાથે ડી.જે. વગાડી પોતાનું જીવન નિર્વાહ ચલાવતા ડી.જે.સંચાલકોની હાલત પણ કફોડી બની છે ત્યારે છેલ્લા કેટલાક મહિનાઓ દરમ્યાન સરકાર દ્વારા અનલોકની પદ્ધતિ અપનાવી વેપાર – ધંધા તેમજ વાણિજ્યને ફરી વેગ આપવાના ઉદ્દેશ્ય સાથે પુનઃ બજારો ધમધમતા થયા અને આવા સમય લગ્ન પ્રસંગો અને બીજા શુભ પ્રસંગો પણ યોજાતા હોય તેવા સમયે દાહોદ જિલ્લાના ડી.જે.સંચાલકો દ્વારા આજરોજ કલેકટરને આવેદનપત્ર આપી ડી.જે.વગાડવાની પરવાનગી માંગવામાં આવી છે. જેથી પુનઃ આ ડી.જે.સંચાલકો પોતાનો જીવન નિર્વાહ રાબેતા મુજબ ચલાવી શકે અને પોતાનું તથા પોતાના પરિવારનું ભરણ પોષણ કરી શકે.

દાહોદ જિલ્લા કલેક્ટરને દાહોદ જિલ્લાના ડી.જે.સમિતિ, દાહોદ દ્વારા આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, દાહોદ જિલ્લામાં કોરોના મહામારીના કારણે ડી.જે.વગાડવા ઉપર પ્રતિબંધ રાખવામાં આવેલ છે. હાલની કપરી મોંઘવારીમાં દાહોદ જિલ્લાના આદિવાસી વિસ્તારમાં રહી પોતાનું ગુજરાન ચલાવતા માટે ડી.જે. જેવા ધંધા, રોજગારથી સંકળાયેલ લોકોની હાલત ડી.જે.પર પ્રતિબંધના કારણે કફોડી બની છે. દાહોદ જિલ્લામાં આશરે ૫૦૦ જેટલા ડી.જે.સાઉન્ડ સંચાલકો લગ્નની સીઝન અને તહેવારોની સીઝવમાં બેરોજગાર થયા છે. હવે આવનાર દિવાળી સીઝન, લગ્ન પ્રસંગ, ઘર વાસ્તુ પુજન તેમજ કોઈ અન્ય શુભ પ્રસંગોમાં ડી.જે. માલિકોનો વ્યવસાય ચાલુ રહે તે માટે ડી.જે. તેમજ લાઉડ સ્પીકર વગાડવા માટે કલેક્ટર પાસે પરવાનગી માંગી છે. વધુમાં જણાવ્યા અનુસાર, પાંચ દિવસમાં હકારાત્મક જવાબ તેમજ નિર્ણય લેવામાં નહીં આવે તો દાહોદ જિલ્લાના ડી.જે.માલિકો દ્વારા ગાંધી ચિન્ધ્યા માર્ગે જવાની પણ ચીમકી ઉચ્ચારી છે. ડી.જે.માલિકો દ્વારા જણાવવામાં આવ્યા અનુસાર, જો તંત્ર ડી.જે. વગાડવાની પરવાનગી આપશે તો સરકારની ગાઈડ લાઈન મુજબ ૨૦૦ વ્યક્તિની જે લગ્ન પ્રસંગોમાં છુટછાટ આપવામાં આવી છે એજ પ્રમાણે ૨૦૦ વ્યક્તિઓમાં સમિતિ લાઉડ સ્પીકર વગાડશે અને સરકારની ગાઈડ લાઈનનું પુરેપુરૂ પાલન કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# દાહોદ જીલ્લામાં બે સ્થળોએથી બાઈકનો ચોરી

દાહોદ,

દાહોદ જિલ્લામાંથી બે જુદી જુદી જગ્યાએથી બે મોટર સાયકલની ઉઠાંતરી થતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

મોટર સાયકલ ચોરીનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના રળીયાતી ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તારીખ ૩૧ ઓક્ટોબરના રોજ રળીયાતી ગામે અર્બન હોસ્પિટલ ની પાછળ રહેતા વિનોદ કુમાર ચંદુભાઈ મકવાણા એ પોતાની મોટરસાયકલ પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ મોટર સાયકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાયકલની ચોરી કરી લઈ નાસી જતા આ સંબંધ વિનોદભાઈ દ્વારા દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મોટર સાયકલ ચોરી નો બીજો બનાવ ફતેપુરા તાલુકાના સુખસર ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તારીખ ૨૨ ઓક્ટોબરના રોજ સુખસર મેન બજાર ખાતે રહેતા જેંતીલાલ મોતીલાલ કલાલે પોતાની મોટરસાયકલ પોતાના ઘરના આંગણે લોક મારી વાત કરી હતી. આ મોટર સાયકલને કોઈ અજાણ્યા ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાયકલની ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધી જેન્તીભાઈ દ્વારા સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દાહોદના નસીરપુર ગામે અજાણ્યા વાહનની અડફેટે રાહદારીનું મોત

દાહોદ,

દાહોદ તાલુકાના નસીરપુર ગામે ગોધરા હાઈવે રોડ પર એક અજાણ્યા વાહનચાલકે એક રાહદારીને અડફેટમાં લઇ જોશભેર ટક્કર મારી નાસી જતાં રાહદારીનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત નિપજ્યાનું જાણવા મળે છે. ગતરોજ નસીરપુર ગામે આવેલ ગોધરા હાઈવે રોડ ઉપર એક અજાણ્યા વાહનના ચાલકે પોતાના કબજા નુ વાહન પુરઝડપે તેમજ ગફલત ભરી રીતે હંકારી લાવી ત્યાંથી પસાર થઈ રહેલા આશરે ૫૫ વર્ષીય આધેડ વ્યકિત ને અડફેટમાં લઇ ને જોશભેર ટક્કર મારી નાસી જતા અજાણ્યા આધેડ ને માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા પણ ઉમટી પડ્યા હતા અને પોલીસને જાણ કરાતા પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. ઉપરોક્ત અજાણ્યા વ્યકિત ની લાશનો કબજો લઈ તેને નજીકના દવાખાને પીએમ અર્થે મોકલી દેવામાં આવ્યો હતો અને દાહોદ તાલુકા પોલીસે આ સંબંધે અકસ્માત માર્ગ અકસ્માત સર્જનાર અજાણ્યા વાહનના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ધાનપુરના માંડવ ગામેથી ૪૭ હજારના દારૂ સાથે બે ઈસમને ઝડપ્યા

દાહોદ,

ધાનપુર તાલુકાના માંડવ ગામેથી પોલીસે નાકાબંધી દરમિયાન એક છકડામાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ ૪૪૮ કિંમત રૂપિયા ૪૭૦૪૦/– તેમજ છકડાની કિંમત મળી કુલ રૂપિયા ૯૭૦૪૦/– નો મુદ્દામાલ કબજે લઈ છકડાના ચાલક સહિત બે જણાની અટક કર્યાનું જાણવા મળે છે.

નટવરભાઈ ભાભોર (રહેવાસી નેલસુર તળાવ ફળિયુ ગરબાડા) અને રમેશભાઈ ચતુરભાઈ બિલવાલ (રહેવાસી ચીલાકોટા, તાલુકો લીમખેડા) આ બંને જણા ગત તારીખ બે નવેમ્બરના રોજ પોતાના કબજાના છકડામાં વિદેશ વિદેશી દારૂની હેરાફેરી કરી રહ્યા હતા. આ અંગેની બાતમી ધાનપુર પોલીસને મળતા તેઓએ માંડવ ગામે વોચ ગોઠવી ઉભા હતા. આ દરમિયાન આ છકડો ત્યાંથી પસાર થતાં પોલીસે તેને ઊભો રખાવી છકડાની તલાસી લેતાં વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ ૪૪૮ કિંમત રૂપિયા ૪૭૦૪૦/– તેમજ છકડાની કિંમત મળી કુલ રૂપિયા ૯૭૦૪૦/– નો મુદ્દામાલ કબજે લઈ ઉપરોક્ત બંને વ્યક્તિઓ વિરૂદ્ધ ધાનપુર પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# “પ્રશંસા”

પ્રશંસા કોને ન ગમે? સૌ કોઈ ઈચ્છતુ હોય છે કે તેના કામને ,તેની મહેનતને અન્યો દ્વારા બિરદાવવામાં આવે અને સ્વાભાવિક છે કે કોઈપણ વ્યકિતની મહેનતને અને સારા કામને ચોક્કસ બિરદાવવામાં આવે જેથી કામ કરનારને કામ કરવામાં વધુ ધગશ અને રસરૂચિ પેદા થાય.

પણ એક વાત એ પણ છે કે ઘણા વ્યક્તિઓને અન્યની પ્રશંસા કરવી ગમતી નથી એની પાછળનુ એક કારણ એ પણ હોય શકે છે કે તેવી વ્યક્તિને બીજાના કામને બિરદાવવુ એટલે નથી ગમતું કારણ કે તેને એમ લાગે છે કે તે પોતાનાથી ક્યાંક આગળ ન નીકળી જાય અને પોતાની છબી ફીકી ન પડી જાય આવી વ્યક્તિ લઘુતાગ્રંથિથી પીડાતી વ્યક્તિ કહી શકાય.

તમે સમાજમાં હોવ,કોઈ કંપનીમાં હોવ કે પછી કોઈ સંસ્થા કે શાળામા હોવ તો ચોકકસથી સારી મહેનત કરનાર કે સારૂં કાર્ય કરનાર વ્યકિતની તેના સારા કાર્યને લઈ તેના વખાણ કરવા જોઈએ જેથી સારૂ કાર્ય કરનાર વ્યક્તિને એક પ્રકારની આંતરિક ઉર્જા પ્રાપ્ત થાય અને તે વ્યક્તિ વધુ ઉત્સાહથી કાર્ય કરે.

આપણે સૌ ઘર,સમાજ કે મહોલ્લામાં એવા વ્યક્તિના કામને ચોક્કસ બિરદાવવુ જોઈએ જે ખરેખર અન્ય માટે ઉપયોગી થતા હોય. સમાજની કે મહોલ્લાની અગવડો દૂર કરવા સતત પ્રયત્નશીલ રહેતા હોય. જેમકે આપણા મહોલ્લા કે સમાજના સમાજ સેવકો કે જે લોકો સમાજને કે મહોલ્લાના લોકોને મદદરૂપ થતા હોય. મહોલ્લાની નિઃસહાય વ્યક્તિની માંદગીના સમયે કે તેના ખોરાક સંબંધી બાબતે ઉપયોગી થતા હોય,ગરીબ કે નિઃસહાય બાળકોના અભ્યાસ માટે વ્યવસ્થા કરતા હોય,દુઃખી કે ગરીબ લોકોને ખાવાપીવાની વ્યવસ્થા કરતા હોય આવી તમામ વ્યક્તિઓના કામને સૌ કોઈએ બિરદાવવા જોઈએ.

એવી જ રીતે શાળામાં આચાર્ય, શિક્ષક,પટાવાળા કે વિદ્યાર્થીઓના સારા કાર્યને પણ બિરદાવવા જોઈએ. જેથી સૌ કોઈને આત્મસન્માન મળે અને પોતાનું કામ વધુ સારી રીતે કરવાની એક પ્રકારની ઊર્જા મળે. જેને શિક્ષણની ભાષામાં હકારાત્મક સુદ્રઢકો પણ કહેવાય છે વર્ગમાં શિક્ષક દ્વારા બાળકોને અભ્યાસ દરમિયાન પૂછવામાં આવતા પ્રશ્નોના જ્યારે બાળક દ્વારા જવાબ અપાય ત્યારે કે બાળકો ઈતર પ્રવૃતિઓ કે સ્વઅધ્યયન પ્રવૃતિમાં કાર્ય કરે ત્યારે શિક્ષકે તેને શાબાશ, ખૂબ સરસ,વેરી ગુડ,અતિ સુંદર જેવા સુદ્ઢકોથી સન્માનિત કરવો જોઈએ જેથી બાળકને ખૂબ જ ખુશી થશે અને તે અભ્યાસમાં તથા ઈતર પ્રવૃત્તિઓમાં કે સ્વઅદયયનમા વધુ દયાન આપશે.

એવી જ રીતે શાળાના આચાર્યના સારા કાર્યને લઈ તથા બાળકો અને શાળાના હિતમાં થતાં સારા સંચાલનને લઈને શાળા સંચાલકો દ્વારા કે શિક્ષકો દ્વારા આચાર્યના કામને બિરદાવવુ જોઈએ . આચાર્યએ પણ શાળામાં ફરજ બજાવતા શિક્ષકો,પટાવાળા ભાઈઓ કે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સારા કાર્યને બિરદાવવુ જોઈએ.

એવી જ રીતે કોઈ કંપની કે ફેકટરીમાં કામ કરતા કામદારોના નિયમિત અને ઈમાનદારીથી કામ કરતા કામદારોના કામને પણ કંપનીના માલિક દ્વારા વખાણ થવા જોઈએ. જેથી કામદારોને કામ કરવાની ધગશ અને ઉત્સાહ મળતો રહે. આમ કોઈપણ વ્યકિતની તેના કાર્યની પ્રશંસા,તારીફ કે વખાણ કરવાથી તે વ્યક્તિના ચહેરા પર હાસ્ય તથા હૃદયને સંતોષ થાય છે અને તેને પોતાનું કાર્ય બમણા જોશ અને ઉત્સાહથી કરવાની શક્તિ મળે છે.

તો બીજી બાજુ કોઈપણ જગ્યાએ વ્યક્તિને સારૂં કાર્ય કરવા છતાં છેલ્લે તેને ઠપકો મળે કે પછી તેના કામને વખાણવાની જગ્યાએ તેના કામને વગોવવામા આવે ત્યારે તે વ્યક્તિને ખૂબ જ દુઃખ થાય છે હતાશ થાય છે અને પોતાના કામ પ્રત્યે રસરૂચિ કે ઉત્સાહ રહેતો નથી અને આમ તેને વગર કારણે ઠપકો સાંભળવાથી તેને પોતાના કામમાં મન લાગતું નથી. જેથી દરેક વ્યક્તિને દરેક જગ્યાએ તેના સારા કાર્યને લઈ તેને બે મીઠા શબ્દોથી બિરદાવવી જોઈએ. આપણા બે મીઠા બોલથી કોઈનું હૈયું રાજી થઇ જાય એથી વિશેષ શું હોઈ શકે.

આપણે હંમેશા કોઈપણ જગ્યાએ ગયા હોઈએ અને સામેવાળી વ્યક્તિએ આપણું કામ કરી આપ્યું હોય ત્યારે તેને બે મીઠા શબ્દોથી સન્માન કરવું જોઈએ ભલે ને તે કાર્ય તેની ફરજમાં આવતું હોય તેમ છતાં આપણે આટલું કહી દઈએ કે “આભાર, thank you,ધન્યવાદ,શુક્રીયા” આ બે મીઠા શબ્દોથી સામેવાળી વ્યક્તિ તમારૂં કામ કરી આપી મનોમન ખુશ થઈ જશે અને તે પોતાની ફરજ બમણા ઉત્સાહથી બજાવશે.

વાચક મિત્રો, આશા કરીએ કે પંચમહાલ સમાચાર દૈનિક અખબારમાં પ્રકાશિત આજના આ જીવન ઉપયોગી ટૂંકા લેખ દ્વારા અવગત થઈ તેનો રોજીંદા જીવનમાં ઉપયોગ કરીએ.

# ફતેપુરાના ભુગર્ભ ગટર લાઈન ખુલ્લી રાખતા લોકોનું જીવન જોખમાય તેવી સ્થિતિ

સુખસર,

ફતેપુરા નગરમાં ભુગર્ભ ગટર બનાવવામાં આવી છે. જેમાં ઝાલોદ રોડ વિસ્તારમાં કેટલીક જગ્યાએ ગટરના ઢાંકણા બંધ કરવામાં આવ્યા નથી. ગટર ખુલ્લી હોવાને કારણે નાના બાળકો પડી જવાથી જીવન જોખમ હોવાનુ વર્તાઈ રહ્યુ છે. ગ્રામ પંચાયતને જાણ કરવા છતાં કોન્ટ્રાકરની જવાબદારી આવે છે તેવા ઉડાઉ જવાબો આપતા હોવાનુ ગ્રામજનોએ જણાવ્યુ હતુ.

ફતેપુરા નગરમાં ઘર વપરાશનુ તેમજ વરસાદી પાણીના નિકાલ માટે લાખો રૂપિયાના ખર્ચે ભુગર્ભ ગટર યોજના બનવવામાં આવી છે. જેમાં ઝાલોદ રોડ વિસ્તારમાં રોડની સાઈડમાં ગટર બનાવવામાં આવેલ છે. જેમાં કેટલીક જગ્યાઓ પર ગટરના ઢાંકણા બંધ કરવામાં આવ્યા નથી. ગટરના ઢાંકણા ખુલ્લા હોવાને કારણે ગટર બે ફુટ પહોળી અને વધુ ઉંડાઈ ધરાવતી હોવાથી આ વિસ્તારોના નાના બાળકો પડી જાય અને મોતને ભેંટે તેવી શકયતાઓ નકારી શકાય તેમ નથી. આ વિસ્તારના સ્થાનિકો દ્વારા ઢાંકણા બંધ કરવા માટે ગ્રામ પંચાયતમાં રજુઆત કરવામાં આવી હતી પરંતુ સત્તાધિશો દ્વારા ઢાંકણા બંધ કરવાની કામગીરી કોન્ટ્રાકટરની હોવાનુ જણાવાયુ હતુ. જેથી કોન્ટ્રાકટર કોણ છે ? તેની જ ગ્રામજનોને જાણ ન હોવાનુ જાણવા મળ્યુ હતુ. ગ્રામ પંચાયત અને કોન્ટ્રાકટરના વિવાદમાં પ્રજાને સમસ્યાઓ વેઠવાનો વારો આવ્યો છે.જેથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કોઈ બાળકનો જીવ ન જાય અને કોઈ જાનહાનિ થાય તે પહેલા ઢાંકણા બંધ કરાવવામાં આવે તેવી માંગ થઈ રહી છે.

# દાહોદ જીલ્લામાં આજે ૮ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા




દાહોદ,

દાહોદમાં આજે વધુ ૦૮ કોરોના પોઝીટીવ કેસોની સંખ્યા સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૮૧૯ ને પાર પહોંચ્યો છે.

આર.ટી.પી.સી.આર.ના ૨૨૮ પૈકી ૦૨ અને રેપિડ ટેસ્ટના ૧૨૮૩ પૈકી એમ કુલ આજે ૦૮ કોરોના પોઝીટીવ કેસો સામે આવ્યા છે. આ ૦૮ કેસો પૈકી દાહોદમાંથી ૦૬, ઝાલોદ માંથી એક અને ગરબાડામાંથી એક કેસોનો સમાવેશ થાય છે. આજે વધુ ૦૯ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતા એકટીવ કેસની સંખ્યા ૪૧ રહેવા પામી છે. ત્યારે અત્યાર સુધી કોરોનાથી મૃત્યુ પામનાર લોકોની સંખ્યા ૭૪ ને પાર પહોંચી ગઈ છે.

# દે.બારીઆના જુના બારીઆ ગામે પ્રેમી પંખીડાએ અગમ્ય કારણોસર આપઘાત કર્યો

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના જુનાબારીયા ગામે કોઈ અગમ્ય કારણોસર પ્રેમી પંખીડાએ ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હોવાનો બનાવ દે.બારીઆ પોલીસ મથકે નોંધાવા પામ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીઆ શહેરને અડીને આવેલા જુના બારીયા ગામે હવેલી ફળિયામાં રાત્રિના સમયે એક જ ગામના અને એક જ ફળિયામાં રહેતા ૨૦ વર્ષની ઉંમર ધરાવતા પ્રેમીપંખીડાએ કોઈ અગમ્ય કારણોસર દોરડા વડે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ગામમાં ચકચાર મચી જવા પામી છે. આ બંને પ્રેમીપંખીડા એક જ ગામના અને એક જ ફળિયાના હોઈ પોતાનો સમાજ આ સંબંધને સ્વિકારશે નહિ અથવા તો બંને પંખીડાને કોઈ જોઈ ગયુ હોય તો પોતાને માર પડશે તેવા ડરના કારણે ફાંસો ખાઈ લીધો હોવાની અનેક તરેહ તરેહની ચર્ચાઓ ગામમાં થઈ રહી છે. આ બનાવ અંગે જુના બારીયા ગામના ભરત રામસિંગ બારીયાએ દે.બારીઆ પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ આપતા પોલીસે અકસ્માત મોત અંગે ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. અને બંને મૃતદેહોનુ પોસ્ટમોર્ટમ કરાવી વધુ તપાસ હાથ ધરી છે.

# લીમખેડાની જવાહર નવોદય વિદ્યાલયમાં ધોરણ ૬ માં પ્રવેશ માટે આગામી તા. ૧૫ ડિસેમ્બર સુધીમાં અરજી કરવાની રહેશે

દાહોદ,

દાહોદના લીમખેડાની જવાહર નવોદય વિદ્યાલયમાં ધોરણ ૬ માં વર્ષ ૨૦૨૧–૨૨ પ્રવેશ માટેના ઓનલાઇન આવેદન આગામી તા. ૧૫/૧૨/૨૦૨૦ સુધીમાં કરવાના રહેશે. આ માટે વિદ્યાર્થી શૈક્ષણિક સત્ર ૨૦૨૦–૨૧ દરમિયાન ધોરણ–૫ માં અભ્યાસ કરતો હોવો જોઈએ. વિદ્યાર્થીનો જન્મ તા. ૧/૫/૨૦૦૮ અને તા. ૩૦/૪/૨૦૧૨ દરમિયાનનો હોવો જોઈએ (બંને તારીખો સહિત). આ શરત અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ સહિત તમામ વર્ગના ઉમેદવારોને લાગુ પડે છે.

ધોરણ ૫ માં દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા, ધાનપુર, ગરબાડા, લીમખેડા, સીંગવડ તાલુકાઓમાં ભણતા વિદ્યાર્થીઓ વેબસાઈટ www.navodaya.gov.in પર માહિતી મેળવી ફોર્મ ઓનલાઇન ભરી શકશે. આ માટેની પ્રવેશ પરીક્ષા તા. ૧૦/૪/૨૦૨૧ ના રોજ સવારે ૧૧.૩૦ વાગે લેવાશે તેમ જવાહર નવોદય વિદ્યાલય, લીમખેડા, દાહોદ–૨ ના આચાર્ય પી.એસ. સાબલેએ એક યાદીમાં જણાવ્યું છે.

# ઝાલોદ પાલિકા C.O. એ ૩૨ દિવસમાં ૩૫ લાખનો વેરો વસુલ્યો : વેરો નહિ ભરતા ૧૮ દુકાનદારોની દુકાનો સીલ કરાઈ

ઝાલોદ,

ઝાલોદ નગર પાલિકામાં કેટલાંક લોકો વેરો ભરવામાં ઢીલી નિતી અપનાવતા હતા. પાલિકામાં નવા ચીફ ઓફિસરની નિમણુંક થયા બાદ બાકી વેરા ઉઘરાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. ચીફ ઓફિસર હિરલબેન ઠાકરે ફકત ૩૨ દિવસમાં જ ૩૫ લાખનો વેરો વસુલ્યો હતો. પાલિકા દ્વારા અગાઉ ૩૭૫ લોકોને વેરો ભરવા માટે નોટિસ અપાઈ હતી. નગરમાં વર્ષે હજારથી લઈને લાખો રૂપિયાનો બાકીદારો દ્વારા ભરવામાં આવતો ન હતો. જેથી કાયમી ચીફ ઓફિસર દ્વારા આવા લોકોની યાદી બનાવીને ટીમ સાથે વેરા વસુલવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેમાં સરકારના ધારાધોરણ મુજબ પાલિકાનો વિવિધ વેરો ન ભરનાર ૧૮ દુકાનદારોને સીલ કરવામાં આવતા નગરમાં બાકીદારોમાં ખળભળાટ મચેલો જોવા મળ્યો હતો. પાલિકાનો લાખોનો વેરો કેટલાંય સમયથી વસુલવાનો બાકી હતો ત્યારે નવા ચીફ ઓફિસરની કડક નિતીથી લોકો બાકી વેરો ભરવા માટે પાલિકામાં દોડધામ કરવા જોવા મળ્યા હતા.

# પૂરતા પેસેન્જર ન મળતાં ‘તેજસ’ માર્ચ સુધી દર મંગળવારે નહીં દોડે

ગાંધીનગર,

કોરોના મહામારી દરમિયાન અમદાવાદ - મુંબઈ વચ્ચે શરૂ કરાયેલી તેજસ એક્સપ્રેસને પૂરતા પેસેન્જર ન મળતા હોવાથી રેલવેએ સમીક્ષા બાદ માર્ચ ૨૦૨૧ સુધી દર મંગળવારે ટ્રેનનું સંચાલન રદ કરવાનો નિર્ણય કર્યો છે. તેજસ માટે દર મંગળવારે સૌથી ઓછું બુકિંગ મળતું હતું. હવે આ ટ્રેન ગુરુવાર અને મંગળવાર સિવાય સપ્તાહમાં ૫ દિવસ દોડશે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સુમિત ઠાકુરે જણાવ્યું કે, રેલવેના નિર્ણય મુજબ હવે અમદાવાદ - મુંબઈ તેજસ એક્સપ્રેસ ૩ અને ૨૪ નવેમ્બર, ૧, ૮ અને ૧૫ ડિસેમ્બર, ૧૯ અને ૨૬ જાન્યુઆરી, ૨, ૯, ૧૬ અને ૨૩ ફેબ્રુઆરી અને ૨, ૯, ૧૬, ૨૩ અને ૩૦ માર્ચના રોજ રદ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, હાલમાં તેજસ એક્સપ્રેસ કોરોના ગાઈડલાઈન મુજબ ૫૦ ટકા પેસેન્જરો સાથે દોડાવવામાં આવી રહી છે. તેમાં પણ પૂરતા પેસેન્જરો ન મળતા રેલવે દ્વારા મંગળવારે ટ્રેનનું સંચાલન રદ કરવામાં આવ્યું છે.

# રાજ્યમાં દિવાળી વેકેશન પછી બીજુ સત્ર ૧૫૦-૧૫૫ દિવસથી વધુ લાંબુ હોઈ શકે છે



ગાંધીનગર,

સમગ્ર રાજ્યમાં હાલ દિવાળીના તહેવાર નિમિતે ૨૧ દિવસનુ દિવાળી વેકેશન શરુ થયુ છે. પહેલી વાર આ વખતે કોરોનામા વિદ્યાર્થીઓ વગર સ્કૂલો ચાલી અને ઓનલાઈન શિક્ષણ આપવામા આવ્યુ હતું. સ્કૂલોમા વર્ગખંડો અને શાળાના મેદાનો વિધ્યાર્થીઓ વિના સૂમસામ અને ખાલીખમ અને ભેકાર ભાસતા હતા. જોકી આ વર્ષે ગુજરાતના સ્કુલોમા બે અઠવાડીયા વહેલુ દિવાળી વેકેશન આપી દેવામા આવ્યુ છે. આ વખતે ૨૯ ઓક્ટોબરથી ૧૮ નવેમ્બર સુધી દિવાળી વેકેશન છે. આમ કરવા પાછળનુ મુખ્ય કારણ એ જણાવાયુ છે કે, સરકાર દિવાળી પછી શૈક્ષણિક સત્ર લાંબુ રાખવા માંગે છે. બીજુ સત્ર ૧૫૦-૧૫૫ દિવસથી વધુ લાંબુ હશે, જેથી આગળના સત્રમા જે સમય વેડફાયો તેની ભરપાઈ કરી શકાય. ગુજરાત સરકાર દિવાળી વેકેશન પછી ધોરણ. ૯-૧૨ ના વિધ્યાર્થીઓને બોલાવવામા આવી શકે છે.

સામાન્ય રીતે બોર્ડની પરીક્ષા માર્ચ મહિનામા લેવાય છે. તે આવતા વર્ષે મે મહિનામા યોજાય તેવી શક્યતા છે. તેમ સુત્રોને કહેવુ છે. સુત્રએ વધુમા જણાવ્યા અનુસાર અન્ય ધોરણોની વાર્ષિક પરીક્ષા જે એપ્રિલમા લેવાતી હતી ,તે જૂન ૨૦૨૧માં લેવાઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા સાત મહિનાથી સ્કુલો અને કોલેજો બંધ, વિધ્યાર્થીઓના ઓનલાઈન કલાસ લેવામાં આવે છે અને પરીક્ષા પણ ઓનલાઈન થાય છે. ૫૦ વર્ષમાં પહેલીવાર દિવાળી વેકેશન તહેવારોના બે અઠવાડીયા પહેલા શરુ થયુ છે. આ સુચવે છે કે દિવાળી પછી સ્કુલો ખુલી શકે છે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને સંલગ્ન શાળાઓનુ શૈક્ષણિક વર્ષ સામાન્ય રીતે બે સત્રમા વહેચાયેલુ હોય છે. પહેલુ સત્ર જૂન મહિનામા શરુ થાય છે.

અને ૧૦૫ દિવસનુ હોય છે. આ સત્ર ૨૧ દિવસના દિવાળી વેકેશન સાથે પુરુ થાય છે. સામાન્ય રીતે ૨૧ દિવસનુ વેકેશન દિવાળીના બે ત્રણ દિવસ પહેલા.. શરુ થાય છે. અને દેવદિવાળીની આસપાસ પુરુ થાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સરકારે દિવાળી વેકેશનની જે તારીખો જાહેર કરી છે. તેના પરથી અંદાજો લગાવી શકાય છે. કે તેમણે બીજુ સત્ર ૪૦ દિવસ જેટલુ લાંબુ રાખવાની યોજના બનાવી છે. શહેરી વિસ્તારોમા ઓનલાઈન કલાસ સરળતાથી ચાલતા હશે પરંતુ ગ્રામ્ય વિસ્તારોમા કનેકિટવિટી સહિતની અન્ય સમસ્યા વિધ્યાર્થીઓને નડી રહી છે. તેથી દિવાળી વેકેશન પછી સ્કુલો ખુલી શકે છે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 64

## છેલ્લા કેટલાક સમયથી બેરોકટોકપણે રેતીની થતી ચોરી

# ઘોઘંબાના સીમલીયાની ગોમા નદીમાંથી બેફામ અને ગેરકાયદેસર રેતીનું ખનન અટકાવવા માજી સરપંચ દ્વારા મુખ્યમંત્રીને રજુઆત

ગોધરા,

પંચમહાલ જિલ્લાના સીમલિયા ગામે આવેલી ગોમાં નદીના પટ માંથી થતું રેતીનું ગેરકાયદેસર ખનન અટકાવવા માજી સરપંચ દ્વારા મુખ્યમંત્રી ને કરાઈ રજૂઆત છે. જેમાં જણાવેલ છે કે એક ગાડીના પાસ પર બે–ત્રણ મોટી ટ્રકો ભરવામાં આવીને બેફામ ચોરી કરાઈ રહી છે. તો ક્યારેક વગર પરમીટના ભારવાહક વાહનોના કારણે જમીન, ખેતી પર્યાવરણ, રસ્તાઓને નુકશાન પહોંચાડયું હોય કાર્યવાહી કરવાની માંગ કરાઈ છે.



પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના સીમલીયા ગામના માજી સરપંચ ભગવાનસિંહ ઠાકોર દ્વારા મુખ્યમંત્રી તથા સ્થાનિક જીલ્લા તંત્રને કરવામાં આવેલી રજુઆતમાં જણાવવામાં આવ્યું હતું કે સીમલીયા, પાદેડી ગોમા નદીમાંથી રેતીની ચોરી બેફામ રીતે થાય છે. એક ગાડીની પાસ ઉપર બે ત્રણ મોટી મોટી ટ્રકો ભરી રેતી ચોરાય છે . બધી જ ટ્રકો ઓવર લોડ ભરેલી હોય છે. જેના કારણે સીમલીયા પાદેડીનો રસ્તો પણ તોડી નાખેલ છે. માજી સરપંચ દ્વારા લેખિતમાં વધુમાં જણાવ્યું હતું કે આ લીઝનો કોન્ટ્રાકટર માથાભારે છે મારી ઘણી જ લાગવગ છે તમારાથી થાય તે કરી લો અને લીજની પરમીટવાળી જગ્યાએ રેતી નથી છતાં આખી નદીમાંથી રેતી બેફામ રીતે ભરે છે. માજી સરપંચ દ્વારા ત્રણ દિવસ પેહલા ગામના આઠ દસ આગેવાનો સાથે ઓવર લોડ ગાડીઓ સીમલીયા સ્ટેન્ડ ઉપર અટકાવવામાં આવી હતી ત્યારે આ લીજ ના કોન્ટ્રાકટરે દામાવાવ પોલીસ સ્ટેશનમાં ફોન કરતાં ની સાથે જ જમાદાર આવીને માજી સરપંચ અને ગામના આગેવાનો ને ધમકાવવા લાગ્યા હતા.અને જમાદારે લીઝ ધારક નો પક્ષ લેતા જણાવ્યું કે રેતીની ગાડીઓ રોકવી નહી નહીતો ગુન્હો દાખલ કરી કાર્યવાહી કરીશ તેવું જમાદાર દ્વારા જણાવવામાં આવ્યું હતું. આથી આ બાબતે ઉચ્ચ કક્ષાએથી તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવા માંગ કરાઈ છે. અત્રે ઉલ્લેખનિય છે કે, ઘોઘંબા તાલુકામાંથી પસાર થતી ગોમા નદીના પટમાં વિશાળ પ્રમાણમાં રેતીનો જથ્થો ધરાવે છે. તેમાંય સીમલીયા વિસ્તારમાં અન્ય વિસ્તારો કરતાં જથ્થો દરચોમાસામાં એકત્રિત વધુ થાય છે. અગાઉ કોરોના કારણે ઠપ્પ બનેલા બાંધકામ ક્ષેત્રેમાં હવે વરસાદની વિદાય સાથે ધીરેધીરેગોધરા સહિતના વિસ્તારોમાં મકાનોના નિર્માણ થઈ રહયા હોવાથી રેતીની માંગ વધી ગઈ છે. જેના કારણે કોન્ટ્રાકટરોનો કાળોડોળો આ સીમલીયા વિસ્તારમાં મંડાયો છે. અહીં વિપુલ પ્રમાણમાં રેતી હોવાની સાથે તંત્રની કોઈપણ જાતની બેરોકટોક હોવાને લીધે કોન્ટ્રાકટરોને લીઝધારકોને ગેરકાયદેસર રેતી ખનન કરવાનો મોકળું મેદાન મળી રહ્યું છે. છેલ્લા ઘણા સમયથી આ વિસ્તારમાં અગાઉની તુલનામાં રેતી માટે આવનજાવન કરતા વાહનો વધીને કોઈપણ જાતના તંત્રના ડર વિના એક પાસ ઉપર અનેકવાર વાહનો ભરીને પસાર થઈ રહયા છે. ક્યારેક પરમીટ વગર મોટા ડમ્પર અને ટ્રકોનો સમાવેશ થાય છે. વળી આ વિસ્તારની રેતી ગુણવત્તા યુકત હોવાના કારણે અમદાવાદ, નડીઆદ, વડોદરા જેવાં શહેરોમાં મોકલવામાં આવે છે. રાત દિવસ સતત વાહનોની અવરજવરના કારણે તેમાંય ઓવરલોડેક ટ્રકોને કારણે સીમલીયા પાદેડીનો રસ્તાને નુકશાન થાય છે. આ અંગે અનેકવાર વાહન ચાલકોને જણાવવા છતાં નિષ્કાળજી દાખવવામાં આવી રહી છે. સીમલીયા વિસ્તારમાં ગેરકાયદેસર ગેરકાયદેસર રેતીના ખનન અને રોયલ્ટીની ચોરી અંગે ખાણ અને ખનિજ વિભાગને રજુઆત કરવા છતાં કોઈપણ પગલાં લેવામાં ન આવતાં છેવટે માજી સરપંચે ગાંધીનગર મુખ્યમંત્રીને રજુઆત કરીને ન્યાયની માંગ કરી છે.

- દર ચોમાસામાં આ વિસ્તારમાં વિપુલ પ્રમાણમાં રેતીનો જથ્થો ઠલવાય છે.
- રેતીના જથ્થા ઉપર કોન્ટ્રાકટરો તથા લીઝ ધારકોના કાળોડોળો.
- એકજ પાસ ઉપર અવારનવાર થતી ગેરકાયદેસર રેતીની હેરાફેરી.
- પરમીટવિના ઓવરલોડેડ વાહનોની અવરજવરથી લોકો પરેશાન.
- ઓવરલોડ્ડ વાહનો અટકાવતા પોલીસે ધમકાવ્યાનો માજી. સરપંચનો આક્ષેપ.
- રાત-દિવસ ગેરકાયદેસર રેતી ભરીને પસાર થતાં ટ્રેકટર, ટ્રક, ડમ્પર વાહનો.
- અગાઉ તંત્રમાં રજુઆત કરવા છતાં પરિણામ શૂન્ય આવતા ઉચ્ચસ્તરે અરજી.

### વગર પરમીટના ઓવરલોડેડ વાહનો રોકવાની ચિમકી

ગોમા નદીના તટ ઉપર આવેલ સીમલીયા વિસ્તારોમાંથી બેફામપણે રેતીની ચોરી કરીને વગર પરમીટના વાહનો મારફતે હેરાફેરી થઈ રહી હોવા અંગે કલેકટર તથા સંબંધીત વિભાગોમાં પણ ભૂતકાળમાં રજુઆત કરીને નિયંત્રણ રાખવા સાથે ઓવર લોંડેડ વાહનો ઉપર પ્રતિબંધ મૂકવા માંગ કરવામાં આવી હતી. તેમ છતાં તંત્ર દ્વારા ઉદાસીનતા સેવાઈને હજુપણ બેરોકટોકપણે ઓવરલોડેડ અને પરમીટ વિના વાહનો પસાર થઈને ફળદ્રુપ જમીન તથા પાણીના સ્ત્રોત રસ્તાઓ અને ખેતી પર્યાવરણને નુકશાન પહોંચાડી રહયા છે. આથી માજી સરપંચ દ્વારા મુખ્યમંત્રીને કરાયેલી રજુઆતમાં જણાવ્યું હતું કે, જો ઓવરલોડેડ ગાડીઓ પાસ પરમીટ વગર આ રસ્તે આવશે તો અમે રોકીશું તેવી ચિમકી ઉચ્ચારી છે.

# પંચમહાલ જીલ્લામાં આજે ૦૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૭૯૬ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૦૫ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૦૫ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૭૯૬ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૦૫ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા–૦૧, હાલોલ–૦૨, કાલોલ–૦૨ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

- ૧૧ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૮૩.
- મૃત્યુ આંક - ૧૨૧.

## હાર્દિક શ્રધ્ધાંજલિ

જીવનમાં હરપળ હસતા રહ્યા, સ્નેહથી સૌને હૈયે વસતા રહ્યા,
શ્રેષ્ઠ સેવાભાવી જીવન જીવી, સમાજમાં સર્વત્ર સુવાસ ફેલાવી
સંભારણા સૌના દિલમાં મૂકી ગયા.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ અમારી પ્રાર્થના.



**સ્વ. અજયકુમાર કાંતિલાલ પંચાલ**

**જન્મ તા.૨૬/૧૨/૧૯૬૪ | સ્વ.તા.૨૩/૧૦/૨૦૨૦**

લી.

સ્વ. કાંતિલાલ પરસોત્તમદાસ પંચાલ | ગં.સ્વ.કલાવતીબેન કાંતિલાલ પંચાલ
દિલીપભાઈ જયંતિલાલ પંચાલ
પ્રવીણકુમાર પરસોત્તમદાસ પંચાલ | કુંજલતાબેન પ્રવીણકુમાર પંચાલ
વિજયકુમાર કાંતિલાલ પંચાલ | ભગવતીબેન વિજયકુમાર પંચાલ
ગં.સ્વ. આશાબેન અજયભાઈ પંચાલ
કૌશલ વિજયભાઈ પંચાલ | કિંજલ કૌશલભાઈ પંચાલ
કમલ વિજયભાઈ પંચાલ | દિપીકા કમલ પંચાલ
કરણ અજયભાઈ પંચાલ | ઉન્નતી રાજેશભાઈ પંચાલ
સૌરભકુમાર રાજેશભાઈ પંચાલ | વૈશ્નવી અજયકુમાર પંચાલ
અમુલ પ્રવીણભાઈ પંચાલ | હેતલ અમુલભાઈ પંચાલ
જીજ્ઞેશકુમાર હસમુખભાઈ પંચાલ | તેજલબેન જીજ્ઞેશકુમાર પંચાલ
મોક્ષા કૌશલ પંચાલ, દ્વિવ્શા કમલ પંચાલ, આયુષી અમુલભાઈ પંચાલ, શીવ જીજ્ઞેશકુમાર પંચાલ, ગૌતમી પંચાલ

# કાલોલના મઘવાસ વિસ્તારમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓ પર પોલીસે રેડ કરી

કાલોલ,

કાલોલ પોલીસે મઘવાસ પંચાયતની સરહદમાં આવેલ રાજપુતા સ્ટિલ કંપનીની બાજુમાં ધમધમતા દેશી દારૂના ભઠ્ઠાઓ પર દેશી દારૂ ગાળી સંગ્રહ કરી વેચાણ કરતી ધમધમતી ચાર ભઠ્ઠીઓ ઝડપી પાડી હતી. પરંતુ તમામ ભઠ્ઠીઓ પર દારૂ બનાવવા અને વેચવાના ધંધામાં મહિલાઓ હોવાનુ બહાર આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર કાલોલ પોલીસે બાતમીના આધારે મઘવાસ રાજપુતાના સ્ટિલ કંપનીની પાછળ વિસ્તારમાં આવેલા એક પછી એક એમ ચાર સાદા મકાનોમાં ધમધમતા દેશી દારૂની ભઠ્ઠીઓ અને ભઠ્ઠીમાંથી દેશી દારૂ પ્લાસ્ટિકના કેનમાં ગાળેલો ૧૦૨ લીટર દેશી દારૂ સહિત રૂ.૩,૨૦૦નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. તદ્‌ઉપરાંત પોલીસ સ્થળ ઉપર ૫૮૦ લીટર જેટલો દારૂ બનાવવા માટે તૈયાર કરેલ વોશનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. જો કે, ચારેય ભઠ્ઠાઓ પર કામ કરતી મહિલાઓ (૧)સીતાબેન અમરસિંહ સીકલીગર, (૨)સુશીલાબેન ઈશ્વરભાઈ મયજીભાઈ સીકલીગર, (૩)ઈંદુબેન કિરણભાઈ મનુભાઈ સીકલીગર, (૪)સુધાબેન મયજીભાઈ મંગળભાઈ સીકલીગર (તમામ રહે.રાજપુતાના કંપનીની બાજુમાં મઘવાસ તા.કાલોલ)આ ચારેય મહિલાઓની ગુજરાત હાઈકોર્ટમાં માર્ગદર્શન મુજબ પોલીસ કસ્ટડીમાં રાખી કોરોના ટેસ્ટ કરાવવા માટે મોકલી આપવામાં આવી હતી. આ બનાવ પગલે પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

## ગોધરા વ્હોરવાડ અને સેશન્સ કોર્ટ સામેથી ૩ ઈકો ગાડી માંથી સાયલેન્સરની ચોરી કરી જતાં ચોર ઈસમો

ગોધરા,

ગોધરા શહેર વ્હોરવાડ પાણીની ટાંકી પાસે પાર્ક કરેલ ઈકો ગાડી માંથી સાયલેન્સરની ચોરી કરી જતાં ચોર ઈસમો વિરૂદ્ધ બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર વ્હોરવાડ પાણીની ટાંકી દરવાજા મહોલ્લામાં રહેતા અબ્બાસભાઈ સૈફીભાઈ પાવાગઢવાલાની ઈકો ગાડી નંબર જીજે. ૧૭.બીએચ. ૪૪૯૩ માંથી સાયલેન્સર કિંમત ૨૮,૦૦૦/–રૂપીયા તેમજ અકીલ અબ્બાસ કાપડીયાની ઈકો ગાડી નંબર જીજે.૧૭.બીએ.૯૬૧૩ માંથી સાયલેન્સર કિંમત ૨૦,૦૦૦/– રૂપીયા તથા સેશન્સ કોર્ટની સામે આવેલ સીરીન એપાર્ટમેન્ટમાં રહેતા મુસ્તફા સીરાજભાઈ પીઠાલાલની ઈકો ગાડી નંબર જીજે.૧૭.બીએ. ૫૩૦૩ માંથી સાયલેન્સર કિંમત ૨૦,૦૦૦/–રૂપીયા મળી કુલ ૬૮,૦૦૦/–રૂપીયાના મુદ્દામાલની ચોરી કરી જનાર અજાણ્યા ચોર ઈસમો વિરૂદ્ધ ગોધરા બી ડીવીઝન પોલસી મથકે ફરિયાદ નોંધાઈ.

## ગોધરાના પરવડી પાસે ગેસ ટેન્કર અને ટ્રેલર વચ્ચે થયો અકસ્માત



ગોધરા,

ગોધરા શહેર પાસે આવેલ પરવડી બાયપાસ નજીક આવેલ જય જલારામ સ્કુલ પાસે આજ રોજ બપોરના અરસામાં ગેસ ટેન્કર અને કાર ટ્રેલર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. દાહોદ તરફ જઈ રહેલા કાર ટ્રેલર સાથે ગેસ ટેન્કર ધડાકાભેર અથડાતાં ગેસ ટેન્કર મુખ્ય માર્ગ ઉપર પલ્ટી મારી ગયું હતું. જેના પગલે મુખ્ય માર્ગ ઉપર અવર જવર કરતા વાહનોની લાંબી કતાર લાગી ગયેલ હતી. ગેસ ટેન્કર અને કાર ટ્રેલર ના સર્જાયેલ અકસ્માત માં ગેસ ટેન્કરનો ચાલક કેબિનમાં ફસાઈ ગયો હતો. સદ્દભાગ્યે ગેસ ટેન્કર ખાલી હોવાને લઈને એક મોટી જાનહાનિ ટળી હતી. આ અકસ્માત એટલો ગંભીર હતો કે ટેન્કર અથડાવાને લઈને કાર ટ્રેલર નો એક ભાગ ચિરાઈ જવા પામ્યો હતો. અકસ્માતને લઈને મોટી સંખ્યામાં ગ્રામજનો ઘટનાસ્થળે ઉમટ્યા હતા. બનાવને લઈને એલ એન્ડ ટી અને ગોધરા તાલુકા પોલીસની ટીમ દોડી આવી હતી. એલ એન્ડ ટીની ટીમ દ્વારા ક્રેન વડે ટેન્કરના કેબિનમાંથી ડ્રાયવરને બહાર કાઢવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. ગેસ ટેન્કર અને કાર ટ્રેલરમાં થયેલ અકસ્માતમાં કેબીનમાં ફસાયેલ ચાલકને બે ક્રેન ભારે જહેમત બાદ બહાર કાઢવામાં આવેલ હતું. આ અકસ્માતમાં ગેસ ટેન્કર ચાલકને ગંભીર ઈજાઓ થઈ જતા ચાલક ને ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો.

### સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ (ગુજરાત સરકારશ્રીનું સંપૂર્ણ માલીકીનું સાહસ) ટેન્ડર નોટીસ નં.૦૪ સને-૨૦૨૦-૨૧

કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના નહેર વિ.નં.૧૭ નર્મદા વસાહત, બોરૂ રોડ, કાલોલ (પંચમહાલ)–૩૮૯૩૩૦ ટેલીફોન નં.(૦૨૬૭૬)૨૩૫૮૩૩ તરફથી નીચે જણાવેલ કામો અંગે ગુજરાત સરકારશ્રીના નર્મદા જળસંપતિ પાણી પુરવઠા તથા માર્ગ અને મકાન વિભાગ તથા સીપીડબલ્યુ/રેલ્વે તેમજ અન્ય સરકારમાં ગુજરાત સમકક્ષ ઈ–૨ અને ઉપરના વર્ગમાં નોંધણી થયેલ ઈજારદારશ્રીઓ પાસેથી નિયત ફોર્મમાં ફક્ત રજી.પો.એ.ડી./સ્પીડ પોષ્ટ/કુરીયર/રૂબરૂથી મંગાવવામાં આવે છે.

| અ.નં. | કામની વિગત | (૧) અંદાજીત રકમ (૨) બાનાની રકમ (૩) ટેન્ડર ફી (૪) સમયગાળો |
| --- | --- | --- |
| ૧ | એમ. એન્ડ આર. એસ્ટીમેટ ફોર ઝુમખા ડીસ્ટ્રી એન્ડ ઇટસ માઇનોર ફોર બ્લોક ૧૩બી (ઝ) ફોર ધ ઈયર ૨૦૨૦–૨૧. | (૧)રૂ.૩૬૪૦૮૯/– (૨)રૂ.૩૭૦૦/– (૩)રૂ.૭૦૮/– (૪)૨ માસ. |
| ૨ | એમ. એન્ડ આર. એસ્ટીમેટ ફોર માઇનોર ઓફ બ્લોક ૧૨ ફોર ધ ઈયર ૨૦૨૦–૨૧. | (૧)રૂ.૩૬૫૪૧૬/– (૨)રૂ.૩૭૦૦/– (૩)રૂ.૭૦૮/– (૪)૨ માસ. |
| ૩ | એમ. એન્ડ આર. એસ્ટીમેટ ફોર વર્ક ઓફ અંજેસર ડ્રીસ્ટ્રી, પાલડી ડીસ્ટ્રી, સીસવા માઇનોર, પ્રતાપનગર બ્રાન્ચ માઇનોર, પસવા માઇનોર–૨, નાની ભાડોલ માઇનોર એન્ડ બ્લોક ૧૧ બી ફોર ધ ઈયર ૨૦૨૦–૨૧. | (૧)રૂ.૩૪૫૬૭૪/– (૨)રૂ.૩૫૦૦/– (૩)રૂ.૭૦૮/– (૪)૨ માસ. |

(૧) કોરા ટેન્ડર આપવાની કરવાની છેલ્લી તારીખ/સમય:૧૦/૧૧/૨૦૨૦/૧૮.૧૦ સુધી.
(૨) ભરેલ ટેન્ડર પરત સ્વીકારવાની છેલ્લી તારીખ/સમય:૧૯/૧૧/૨૦૨૦/૧૬.૦૦ સુધી.
(૩) ટેન્ડરો ખોલવાની તારીખ/સમય:૨૦/૧૧/૨૦૨૦/૧૨.૦૦ કલાક થી (શક્ય હશે તો).

કાર્યપાલક ઈજનેર
નર્મદા યોજના નહેર વિભાગ નં.૧૭,
કાલોલ (પંચ)

જિ.મા.ક./ગોધરા/૪૮૮/૨૦૨૦